દાખલ તારીખ :- ૧૪/૧૨/૨૦૧૨
ફેંસલ તારીખ :- ૧૮/૦૪/૨૦૨૬
સમયગાળો :- વર્ષ મહિના દિવસ
૧૩ ૦૪ ૦૪

**અમદાવાદ શહેરના મે. ૬ ઠ્ઠા એડી. ચીફ જયુડીશ્નલ મેજીસ્ટ્રેટ શ્રી એમ.બી.નિમાવત સાહેબ સમક્ષ, (કોર્ટ નં.૨૦), અમદાવાદ**

---

**ક્રિમીનલ કેસ નંબર:-૧૪૯૮/૨૦૧૨**

**આંક-૨૧**

**ફરિયાદી:** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઓ:-** (૧)દિપકભાઇ બાબુભાઇ સોલંકી
(૨) ભરતભાઇ કાંતીભાઇ ચૌહાણ
(૩)કિરણભાઇ નટવરભાઇ પરમાર
ત્રણેય રહે. ભવાની નગરનો ટેકરો ઓઢવ અમદાવાદ.

**ગુનો: ઈ.પી.કો.કલમ-૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧)મુજબ**

---

**ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ડી.સી.ગોસ્વામી**
**આરોપીઓ નં-૨, ૩ તરફે વિ.વકીલશ્રી - એમ.કે.સુથાર**

---

**<u>ચુકાદો</u>**

૧. ફરિયાદ પક્ષનાં કેસની ટુકમાં હકીકત એવી છે કે, તા.૨૫/૧૦/૨૦૧૨ ના રોજ આ કામના ફરીયાદીના ભાઇ જંયતીની પત્નીની મશ્કરી કરતા હોય જેથી ફરીયાદીએ મશ્કરી નહી કરવા બાબતે ઠપકો આપતા આરોપીઓએ બિભત્સ ગાળો આપી અને આરોપી નં.૨ અને ૩ નાઓએ લોખંડના પાઇપથી માથામા ઈજા કરી આરોપી નં.૧ નાઓએ લાકડીથી મારમારી એકબીજાને મદદગારી કરી મહે. પો.ક.શ્રી. અમદાવાદ શહેરના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ ફરિયાદીએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તેના આધારે ત.ક. અમલદારે ફ.ગુ.ર.નં.૫૭૮/૨૦૧૨ થી ફરિયાદ નોંધી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ

આવતાં ઈ.પી.કો.કલમ–૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ તા.૧૪/૧૨/૨૦૧૨ ના રોજ અત્રેની અદાલતમાં કરેલ છે.

૨. આરોપીઓને કોર્ટથી સમન્સ ઈસ્યુ કરવામાં આવતાં જેની કાયદેસરની બજવણી આરોપીને નહી થતાં આરોપી વિરૂધ્ધ નામદાર ગુજરાત રાજયની વડી અદાલતના પરિપત્ર ક્રમાંક–૨૬૬૮/૨૦૧૬ તા.૦૫/૦૭/ ૨૦૧૬ માં આપવામાં આવેલ માર્ગદર્શક સૂચનાઓ લક્ષમાં લઈ, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ હેઠળ તેઓની ગેરહાજરીમાં કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

૩. ફરિયાદ પક્ષે તેમનો કેસ સાબિત કરવા માટે નીચે જણાવેલ મૌખિક તથા લેખિત પુરાવો રજુ કરેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | ફરિયાદી પ્રેમજીભાઈ રેવાભાઈ પરમારની જુબાની | આંક–૧૪ |
| ૨ | ફરિયાદ | આંક–૧૫ |
| ૩ | સાહેદ જયંતીભાઈ રેવાભાઈ પરમારની જુબાની | આંક–૧૬ |
| ૪ | સાહેદ અર્ચનાબેન જયંતીભાઈ પરમારની જુબાની | આંક–૧૭ |
| ૫ | પંચનામું | આંક–૧૮ |
| ૬ | મેડી.સર્ટી | આંક–૧૯ |
| ૭ | કલોઝીંગ પુરસીસ | આંક–૨૦ |

૪. આ સિવાય વધુ કોઈ પુરાવો રજુ થયેલ નથી. ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ પુરાવો ધ્યાને લેતા આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરતો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

૫. ફરિયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી ડી.સી.ગોસ્વામીને સાંભળવામાં આવ્યા છે.

૬. સદરહું કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૫/૧૦/૨૦૧૨ ના

રોજ આ કામના ફરીયાદીના ભાઈ જંયતીની પત્નીની મશ્કરી કરતા હોય જેથી ફરીયાદીએ મશ્કરી નહી કરવા બાબતે ઠપકો આપતા આરોપીઓએ બિભત્સ ગાળો આપી અને આરોપી નં.ર અને ૩ નાઓએ લોખંડના પાઈપથી માથામા ઈજા કરી આરોપી નં.૧ નાઓએ લાકડીથી મારમારી એકબીજાને મદદગારી કરી મહે. પો.ક.શ્રી. અમદાવાદ શહેરના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરી ઈ.પી.કો.કલમ-૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧ ) મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

<u>**કારણો**</u>

<u>**મુદ્દાનં. ૧:-**</u>

**(૮.૧)** આ કામે આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા સારૂ ફરિયાદપક્ષે આંક-૧૪ થી ફરિયાદી પ્રેમજીભાઈ રેવાભાઈ પરમારને તપાસેલ છે, તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ સને ૨૦૧૨ ના વર્ષમાં બનેલો. તે વખતે આરોપીઓ સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજુ કંઈ બનેલ નથી. બનાવની હકીકતો વિશે તેઓ કંઈ જાણતા નથી. તેઓની સાથે કોઈ બનાવ બનેલ નથી. બનાવ અંગેની ફરીયાદ તેઓએ આપેલી જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે જે આંક-૧૫ થી રજુ થયેલ છે. આમ, ફરિયાદી પોતાની ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોવાથી વિ.એ.પી.પી. શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો નથી. બચાવપક્ષ તરફે ના.કોર્ટે સી.આર.પી.સી.ની કલમ-૨૯૯ તથા ૩૫૩ (૬) મુજબનો હુકમ કરેલ કરેલ હોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

ત્યારબાદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, તેઓને કોઇએ કોઈ હથિયારો વડે ઈજા કરેલ નથી તેઓની સાથે કોઈ ઝગડો કરેલ નથી કે કોઈ ઈજા કરેલ

નથી.

(૮.૨) આ કામે આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા સારૂ ફરિયાદપક્ષે આંક–૧૬ થી સાહેદ જયંતિભાઈ રેવાભાઈ પરમારને તપાસેલ છે, તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ સને ૨૦૧૨ ના વર્ષમાં બનેલો. તે વખતે આરોપીઓ સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજુ કંઈ બનેલ નથી. બનાવની હકીકતો વિશે તેઓ કંઈ જાણતા નથી. તેઓની સાથે કોઈ બનાવ બનેલ નથી. બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલો. આમ, સાહેદ પોતાની ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોવાથી વિ.એ.પી.પી. શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો નથી. બચાવપક્ષ તરફે ના.કોર્ટે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ તથા ૩૫૩ (૬) મુજબનો હુકમ કરેલ કરેલ હોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

ત્યારબાદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, તેઓને કોઈએ કોઈ હથિયારો વડે ઈજા કરેલ નથી તેઓની સાથે કોઈ ઝગડો કરેલ નથી કે કોઈ ઈજા કરેલ નથી.

(૮.૩) આ કામે આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા સારૂ ફરિયાદપક્ષે આંક–૧૭ થી સાહેદ અર્ચનાબેન જયંતિભાઈ પરમારને તપાસેલ છે, તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ સને ૨૦૧૨ ના વર્ષમાં બનેલો. તે વખતે આરોપીઓ સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજુ કંઈ બનેલ નથી. બનાવની હકીકતો વિશે તેઓ કંઈ જાણતા નથી. તેઓની સાથે કોઈ બનાવ બનેલ નથી. બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલો. આમ, સાહેદ પોતાની ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોવાથી વિ.એ.પી.પી. શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો નથી. બચાવપક્ષ તરફે ના.કોર્ટે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ તથા ૩૫૩ (૬) મુજબનો હુકમ કરેલ કરેલ હોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

ત્યારબાદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, તેઓના

જેઠને કોઈએ કોઈ હથીયારો વડે ઈજા કરેલ નથી તેમની સાથે કોઈ ઝગડો કરેલ નથી કે કોઈ ઈજા કરેલ નથી. આરોપીઓએ તેઓને કોઈ ગાળો બોલેલ નથી કે કોઈ હથીયારથી ઈજા કેરલ નથી.

(૯) હાલના કામે તપાસવામાં આવેલ સાહેદની જુબાની સિવાય અન્ય કોઈ પુરાવો વિશેષ મહત્વનો રહેતો નથી. આ ઉપરાંત **૧૯૯૬(૩)ક્રાઈમ્સ પાન નં. ૮૫ ઉપર ના.સર્વોચ્ચ અદાલતે સતીષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓના ચૂકાદામાં** સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, કોઈપણ ટ્રાયલના પુરાવા દરમ્યાન કોઈપણ તબકકે જયારે અદાલત એવો અભિપ્રાય આપતી હોય કે, આ કામમાં હવે પછી વધુ સાહેદ તપાસવા તે માત્ર ઔપચારિકતા સમાન છે અને આથી વધુ સાહેદો કે તપાસ કરનાર અમલદારને તપાસવાથી કોઈ વિશેષ પુરાવો આપવા સંભવ નથી તો તેવા સંજોગોમાં પુરાવો લેવાનું બંધ રાખી અદાલતનો કિંમતી સમય દુર્વ્યય થતો અટકાવવો જોઈએ. આમ, સર્વોચ્ચ અદાલતના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેનું મુખ્ય હાર્દ એવું જણાય છે કે, ચાર્જશીટમાં જણાવેલ તમામે તમામ સાહેદો અનિવાર્ય ન હોય તો તેઓને તપાસવા જરૂરી નથી. એટલું જ નહી, પરંતુ મહત્વના અને ચાવીરૂપ સાહેદો તપાસાઈ ગયા હોય અને તેઓની જુબાની ધ્યાને લેતાં અદાલતને લાગે કે, વિશેષ સાહેદો તપાસવા તે ઔપચારિકતા જ છે. અને તે હકીકતે જે ઉપર મુજબ ચર્ચા કરી છે તે જોતાં સદર કામે વિશેષ પુરાવો લેવો યોગ્ય જણાયેલ નથી.

(૧૦) હાથ પરના કેસમાં મુખ્યત્વે આરોપીઓએ ફરીયાદીને બિભત્સ ગાળો આપી આરોપીઓએ ફરીયાદીને માર મારેલ હોવાના આક્ષેપ છે. વધુમાં ગુનાના આવશ્યક તત્વો મુજબ આરોપી વિરૂધ્ધ આક્ષેપીત ગુનાના આવશ્યક તત્વો જોવામાં આવે તો, ઈ.પી.કો.ક. ૩૨૪ અન્વયેનો ગુનો બનવા એ હકીકત પુરવાર થવી જરૂરી છે કે, આવી ઈજા અથવા અશકતતા ગોળી છોડવાના અથવા ભોંકવાના અથવા કાપવાના સાધન વડે અથવા જે સાધનનો આક્રમક હથીયાર તરીકે ઉપયોગ કરવાથી મૃત્યુ નિપજવા સંભવ હોય તેવા સાધન વડે પહોચાડવામાં આવી હતી. આ કામે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ-૨૯૪(ખ) મુજબનો ગુનાનું પણ તહોમત છે. જેના આવશ્યક તત્વો ધ્યાને લેતાં આરોપીએ જાહેરમાં બિભત્સ શબ્દો બોલેલ હોવાની અથવા બિભત્સ શબ્દો કહેલ હોવાની હકીકત પુરવાર થવી જરૂરી છે. હાથ પરના કેસમા ફરીયાદી તેઓની જુબાનીમાં આ હકીકતને સમથન કરતો લ

ેશમાત્ર પુરાવો આપેલ નથી. આ સિવાય બનાવમાં આરોપીઓ ચોકકસ શુ શબ્દો બોલેલા હતા તેવી પણ કોઈ હકીકત રેકડ ઉપર આવતી નથી. જેથી આરોપીઓ વિરૂધ્ધનો સદર ગુનાનું તહોમત પણ નિ:શંકપણે પુરવાર થઈ શકતુ નથી. આ કામનુ રેકર્ડ જોતા પંચનામું કરવામાં આવેલ છે પરતુ આ કામે તપાસ કરનાર અધિકારીને તપાસના કામે તપાસવામાં આવેલ નથી. આ કામે મેડીકલ સર્ટીફીકેટ રજુ થયેલ છે પરંતુ ફરીયાદીને કેવા પ્રકારની ગંભીર ઈજા થયેલ, કેટલો ટાઈમ દવાખાનામાં સારવાર લીધેલ એ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. એકંદરે પુરાવો જોતા ગુનાના આવશ્યક કે વિશ્વસનીય અને સબળ પુરાવો રજુ થયેલ નથી. તેથી આરોપીઓને કસુરવાર ઠરાવી શકાય નહી. આ સંજોગોમાં મજકુર ફરીયાદીના પુરાવા ઉપર આધાર રાખી શકાય તેમ નથી. પોતાનો કેસ સબળ અને વિશ્વસનીય પુરાવાઓથી નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે જયારે ફરિયાદપક્ષના કેસમાં સહેજ પણ શંકા ઉપસ્થિત થાય ત્યારે તેનો લાભ આરોપીને આપવો પડે કારણ કે, ફોજદારી પ્રક્રિયાનો આરંભ આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવામાં આવે છે. સદર કામે સાહેદોને તપાસવામાં આવેલ છે. જેઓ પોતાના પુરાવામાં બનાવ સને ૨૦૧૨ ના વર્ષમાં બનેલો. તે વખતે આરોપીઓ સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજુ કંઈ બનેલ નથી. બનાવની હકીકતો વિશે તેઓ કંઈ જાણતા નથી. તેઓની સાથે કોઈ બનાવ બનેલ નથી. બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલો. ત્યારબાદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, તેઓને કોઇએ કોઈ હથિયારો વડે ઈજા કરેલ નથી તેઓની સાથે કોઇ ઝગડો કરેલ નથી કે કોઈ ઈજા કરેલ નથી. સદર કામે ફરિયાદપક્ષ તરફે રજૂ પુરાવો ધ્યાને લેતાં સદર કામના ફરિયાદી પોતાના સોગંદ પરના પુરાવામાં બનાવ સને ૨૦૧૨ ના વર્ષમાં બનેલો. તે વખતે આરોપીઓ સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજુ કંઈ બનેલ નથી. બનાવની હકીકતો વિશે તેઓ કંઈ જાણતા નથી. તેઓની સાથે કોઈ બનાવ બનેલ નથી. બનાવ અંગેની ફરીયાદ તેઓએ આપેલી. ત્યારબાદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, તેઓને કોઇએ કોઈ હથિયારો વડે ઈજા કરેલ નથી તેઓની સાથે કોઇ ઝગડો કરેલ નથી કે કોઈ ઈજા કરેલ નથી. આમ, ફરિયાદ પક્ષએ હકીકત નિ:શંક પણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે કે, તા.૨૫/૧૦/૨૦૧૨ ના રોજ આ કામના ફરીયાદીના ભાઈ જંયતીની પત્નીની મશ્કરી કરતા હોય જેથી ફરીયાદીએ મશ્કરી નહી કરવા બાબતે ઠપકો આપતા આરોપીઓએ બિભત્સ ગાળો આપી અને આરોપી

નં.૨ અને ૩ નાઓએ લોખંડના પાઈપથી માથામા ઈજા કરી આરોપી નં.૧ નાઓએ લાકડીથી મારમારી એકબીજાને મદદગારી કરી મહે. પો.ક.શ્રી. અમદાવાદ શહેરના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરી ઈ.પી.કો.કલમ–૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ નો સજાને પાત્ર ગુનો કરેલ છે. જે સંજોગો માં આ કામના આરોપીઓએ આક્ષેપો મુજબનો ગુનો આચરેલ હોય એવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી આ કામના આરોપીઓએ આક્ષેપિત ગુનાનું તહોમત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં. ૧નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુ ક મ ::**

૧. આ કામના આરોપીઓ (૧)દિપકભાઈ બાબુભાઈ સોલંકી (૨) ભરતભાઈ કાંતીભાઈ ચૌહાણ (૩)કિરણભાઈ નટવરભાઈ પરમાર ત્રણેય રહે. ભવાની નગરનો ટેકરો ઓઢવ અમદાવાદ નાઓને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ–૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામા ક્રિ. પ્રો.કોડની કલમ– ૩૫૩(૬)ના પરં તુકને ધ્યાને લઈ આરોપીઓ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું.

૨. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૫૨ અનુસાર, કબજે કરવામાં આવેલ બિનકિંમતી મુદામાલ લોખડની પાઈપ તથા વાસની લાકડીનો અપીલ સમય પુરો થયા બાદ નિયમોનુસાર ધોરણસર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ–૧૮ મી માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાં ચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ–૧૮/૦૪/૨૦૨૬
અમદાવાદ

(મનીષ ભરતભાઈ નિમાવત)
૬ ઠ્ઠા એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર, (કોર્ટ નં.૨૦)
(કોડ નં.જીજે ૦૦૯૭૧)